



પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. જૂન ૧૫, ૨૦૨૧ • જેઠ સુદ ૫, સંવત ૨૦૭૭

Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)



**Shri Vijay Rupani**
Hon'ble Chief Minister
Gujarat State



**Shri Nitin Patel**
Hon'ble Deputy Chief Minister, Gujarat State



**Shri Pradipsinh Jadeja**
Hon'ble Minister of State for NRGs (Independent Charge), Govt. of Gujarat



**Shri Dhananjay Dwivedi(I/C), IAS**
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat



**Shri V. K. Jadav**
Director
GSNRGF

# નીતિ આયોગના રિપોર્ટ મુજબ આરોગ્ય અને ઉદ્યોગ-ઈનોવેશન-ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ગુજરાત ઉત્તમ



કેન્દ્ર સરકારની થિંક ટેન્ક નીતિ આયોગે ત્રીજી જૂને દેશના ૩૬ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોના વિવિધ ક્ષેત્રમાં દેખાવના આધારે એક રિપોર્ટ જારી કર્યો છે. સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (એસડીજી) એટલે કે ટકાઉ વિકાસને લગતા આ રિપોર્ટમાં તમામ રાજ્યોએ સામાજિક, આર્થિક અને પર્યાવરણ ક્ષેત્રે કરેલા કામોને ૧૭ માપદંડ એટલે કે નિર્ધારિત લક્ષ્યાંકોના આધારે માપવામાં આવ્યા છે. આ રિપોર્ટમાં આરોગ્ય, જીવનસ્તર અને ઉદ્યોગ ઈનોવેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધા તેમજ દુર્ઘટના સામેની તૈયારીમાં ગુજરાત સૌથી વધુ અંક મેળવીને ટોચ પર છે. સારું આરોગ્ય, જીવન સ્તર અને શિશુ મૃત્યુદર નીચા સ્તરે લાવવો જેવી બાબતમાં ગુજરાતને ૮૬ અંક મળ્યા છે. શુદ્ધ પાણી અને સ્વચ્છતા, ગ્રામીણો સુધી શુદ્ધ પાણીની પહોંચ અને તમામ છોકરીઓ માટે સ્કૂલોમાં યોગ્ય ટોઇલેટ જેવી બાબતમાં ગુજરાતને ૯૩ અંક મળ્યા છે. ઓવરઓલ રેંકિંગમાં ગુજરાતે ગયા વર્ષથી પાંચ અંક વધુ મેળવ્યા છે. કોઈ પણ રાજ્યે વિવિધ ક્ષેત્રમાં વિકાસનું લક્ષ્ય કેટલું હાંસલ કર્યું તે માપવાનું આ પ્રાથમિક સાધન છે. તેના થકી રાજ્યો વચ્ચે સ્પર્ધા વધે છે. એસડીજી-૨૦૨૦ રિપોર્ટ તૈયાર કરવા ૧૭ ગોલ, ૭૦ ટાર્ગેટ અને ૧૧૫ ઈન્ડિકેટર્સને રાજ્યના વિકાસનો આધાર મનાયા હતા.

(સંદર્ભ : દિવ્ય ભાસ્કર, તા. ૪-૬-૨૦૨૧)

# દેશનો પ્રથમ હાઇડ્રોજન ઉત્પાદન પ્લાન્ટ વડોદરામાં સ્થપાશે

ગ્રીન અને ક્લિન એનર્જી તરીકે ઓળખાતા હાઇડ્રોજન ગેસના ઉત્પાદનનો સૌપ્રથમ પ્લાન્ટ વડોદરા ખાતે આઇઓસીએલ-ગુજરાત રિફાઇનરીમાં શરૂ થશે. આ ઉપરાંત અન્ય ૬ પ્રોજેક્ટો મળીને આઇઓસીએલ રૂ.૨૪૦૦૦ કરોડનું રોકાણ વડોદરામાં કરી રહ્યું છે જેનાથી ૨૫,૦૦૦ લોકોને રોજગારી મળશે. આ પ્રસંગે ઇન્ડીયન ઓઇલ કોર્પોરેશનના ચેરમેન શ્રી વૈદ્યે કહ્યું હતું કે, ગુજરાત રિફાઈનરી ભારતનો પ્રથમ હાઈડ્રોજન વાયુ ઉત્પાદન પ્લાન્ટ શરૂ કરશે. ઉપરાંત ઇન્ડિયન ઓઇલ ગુજરાત રિફાઈનરીએ પોતાની ઉત્પાદન ક્ષમતા ૧૮ મિલિયન મેટ્રિક ટન પ્રતિવર્ષ લઈ જવાનું નક્કી કર્યું છે. જ્યારે નવા ઉદ્યોગ એકમો પોલીપ્રોપીલીન, બ્યુટાઇલ એક્રીલેટ અને લુબ્રિકન્ટ જેવા ઔદ્યોગિક વપરાશના અગત્યના કાચા માલનું ઉત્પાદન કરશે. કોટીંગ-રંગકામ, એડહેસીવ-ગુંદર, ટેક્સટાઇલ અને અન્ય રસાયણો જે હાલ આયાત કરવામાં આવે છે તેના ઉત્પાદન માટે અતિ મહત્વનું બ્યુટાઇલ એક્રીલેટ અહીં ઉત્પાદિત થશે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ પ્રસંગે કહ્યું હતું કે, ગુજરાત ગેસ એન્ડ પેટ્રોકેમિકલ ક્ષેત્રે અગ્રણી રાજ્ય છે અને આ નવા રોકાણોના પ્રોજેક્ટસથી રાજ્યમાં ડાઉન સ્ટ્રીમ ઉદ્યોગોને વધુ સક્ષમતા પ્રાપ્ત થશે. (સંદર્ભ : ગુજરાત સમાચાર, તા. ૮-૬-૨૦૨૧)




**Contact Address**

Gujarat State Non-Resident Gujaratis' Foundation
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF

FOR PRIVATE CIRCULATION ONLY

વહાલા બિન નિવાસી ગુજરાતી મિત્રો,
NRG Times માટે આપનો પ્રતિભાવ તેમજ કોઇ સુચન હોય તો મોકલી આપવા વિનંતી છે. જેથી આપના માટે પ્રકાશિત થતાં આ મેગેઝીનને વધુ ઉપયોગી બનાવી શકાય.

NRG TIMES
A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION
CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY



NGF Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)

# હિમાંશુકુમાર મહેતા અખિલ ભારતીય ગુજરાતી સમાજના પ્રમુખ બન્યા



તાજેતરમાં ધનબાદમાં સમાજની ઓનલાઇન ત્રિમાસિક બેઠક મળી હતી જેમાં મુંબઇ, કોલકાતા, ચેન્નાઈ, બેંગ્લોર, કોઈમ્બતુર, આસામ સહિત દેશભરના સમાજના લોકો જોડાયા હતા. બેઠકમાં અધ્યક્ષ, કારોબારી અને સલાહકાર સમિતિ દ્વારા સંયુક્ત રૂપે ઝારખંડ હાઈકોર્ટના વરિષ્ઠ એડવોકેટ અને ઝારખંડના ભૂતપૂર્વ એડિશનલ એટર્ની જનરલ હિમાંશુકુમાર મહેતાને ૨૦૨૦-૨૩ના ગાળા માટે અખિલ ભારતીય ગુજરાતી સમાજના પ્રમુખ બનાવવામાં આવ્યા હતા. સતત ત્રણ વખત સમાજના પ્રમુખ રહેલા પરેશ ચૌહાણે હિમાંશુકુમારને નવા પ્રમુખ તરીકેનો પદભાર સોંપ્યો હતો. (Source : www.livehindustan.com)

# આઇસીસી ફ્યુચર લિડર્સ પ્રોગ્રામમાં હરિની રાણા



ક્રિકેટનો વ્યાપ વધારવા માટે ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) વિશ્વતખ્તે અનેક કાર્યક્રમોનું આયોજન કરતી રહે છે. આઇસીસીએ વિશ્વ કક્ષાએ ક્રિકેટ અને અન્ય રમતમાં મહિલાઓ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે તે હેતુથી મહિલા ટેલેન્ટ કાર્યક્રમની જાહેરાત કરી છે. આઇસીસી ફ્યુચર લિડર્સ પ્રોગ્રામ નામના આ આયોજન અંતર્ગત આઇસીસીએ ૪૫ દેશમાંથી કુલ ૪૦ મહિલાની પસંદગી કરી છે. સૌથી મહત્વનું એ છે કે આ ૪૦ મહિલાઓમાં ગુજરાતી સ્પોર્ટ્સ પત્રકાર હરિની રાણાનો પણ સમાવેશ થાય છે. ગુજરાતી એવી હરિની રાણા હાલ મુંબઇ ખાતે સ્થાયી થયેલ છે. ટીવી ન્યુઝ ચેનલમાં હરિની ભારતની બીજી અને ગુજરાતની પહેલી સ્પોર્ટ્સ એડિટર રહી ચૂકી છે. હરિની ચાર ક્રિકેટ વર્લ્ડ કપ, ટેનિસમાં ઓસ્ટ્રેલિયન ઓપન, વિમ્બલન ઓપન તો લંડન અને રિયો ઓલિમ્પિક જેવી મોટી સ્પોર્ટ્સ ઇવેન્ટનું પણ રિપોર્ટિંગ કરી ચૂકી છે.

(Source : www.gujarat-samachar.com)

# ગુજરાતી સમાજ કતાર દ્વારા મુખ્યમંત્રી રાહત ફંડમાં ૧૦ લાખનું યોગદાન




ગલ્ફ દેશ કતારના ગુજરાતી સમાજના હોદ્દેદારોએ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સાથે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી સંવાદ કર્યો હતો. જેમાં સમાજના પ્રમુખ દેવાંગ પટેલ, અગ્રણી ચેતન તલાટી, સંજય મલ્હોત્રા, દુષ્યંત બારોટ અને અન્ય અધિકારીઓએ ભાગ લીધો હતો. કોરોના મહામારી અને તાઉ'તે વાવાઝોડા જેવા કપરા કાળમાં વતનનો સાદ સાંભળીને માતૃભૂમિની સેવા માટે કતાર ગુજરાતી સમાજ દ્વારા મદદની પહેલ કરી રૂપિયા ૧૦ લાખનું યોગદાન મુખ્યમંત્રી રાહત નિધિમાં આપવામાં આવ્યું હતું જે બદલ શ્રી રૂપાણીએ સાડા છ કરોડ ગુજરાતીઓ વતી કતાર ગુજરાતી સમાજનો આભાર વ્યક્ત કર્યો હતો અને કહ્યું હતું કે વિદેશમાં વસતા ગુજરાતીઓના સુખદુઃખમાં અમે સહભાગી છીએ.

(Source : www.loktej.com)

# વિદેશ જવા ઇચ્છતાં વિદ્યાર્થીઓ ઝોનમાં અરજી કરે તો બીજી રસી અપાશે

આગામી મહિનાઓમાં ગુજરાતના ઘણા વિદ્યાર્થીઓ અભ્યાસ માટે વિદેશ જઈ રહ્યા છે. આવા વિદ્યાર્થીઓને વિદેશ પ્રવાસમાં કોઈ અડચણ ઊભી ન થાય તે માટે વિદ્યાર્થીઓને વેક્સિનેશનમાં વિશેષ અગ્રતા આપવા ગુજરાત સરકારે નિર્ણય કર્યો છે. નજીકના સમયમાં જે વિદ્યાર્થીઓ વિદેશ જવા ઇચ્છતાં હોય તેમને વેક્સિનનો બીજો ડોઝ આપવા માટે કેન્દ્ર સરકારે ચોક્કસ ગાઈડ લાઇન આપી છે. આ માટે સંબંધિત વિદ્યાર્થીએ તેમના શહેરના સંબંધિત ઝોનમાં સંપર્ક કરવાનો રહેશે. તે માટે તેમણે પહેલા ડોઝનું સર્ટિફિકેટ, યુનિવર્સિટી એડમિશનનો પત્ર, માન્ય વિઝા ફોર્મ, પાસપોર્ટ સહિતની બાબતો સાથે પોતાના રહેઠાણને લાગુ પડતાં ઝોનના ડેપ્યુટી હેલ્થ ઓફિસરને અરજી આપવાની રહેશે.

(સંદર્ભ : દિવ્ય ભાસ્કર, તા. ૮.૬.૨૦૨૧)

# જૂનાગઢની બે બહેનો ઈઝરાયલી સેનામાં સામેલ



જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના કોઠડી ગામનો મૂળ વતની મહેર પરિવાર હાલ ઈઝરાયેલ સ્થાયી થયેલો છે અને ત્યાં કરિયાણાનો સ્ટોર ચલાવે છે. આ પરિવારની બે દીકરીઓએ વિશ્વની શક્તિશાળી ગણાતી ઇઝરાયલની સેનામાં સ્થાન મેળવી મહેર સમાજ સાથે માણાવદરનું નામ રોશન કર્યું છે. કોઠડી ગામના વતની જીવાભાઈ મુળિયાસિયા અને તેમના ભાઈ સવદાસભાઇ મુળિયાસિયા બંને ઇઝરાયલના તેલઅવીવમાં સ્થાયી થયેલા છે. તેમની પુત્રીઓ નિશા અને રિયા અત્યારે ઇઝરાયલની આર્મીમાં ફરજ નિભાવે છે. જેમાં નિશા મુળિયાસિયા ઇઝરાયલી સેનામાં સ્થાન મેળવનાર પ્રથમ ગુજરાતી મહિલા પણ છે. નિશા અત્યારે ઇઝરાયલ આર્મીના ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્યુનિકેશન એન્ડ સાઈબર સિક્યુરિટી વિભાગમાં ફરજ બજાવે છે, સાથે જ તે ફ્રન્ટલાઈન યુનિટ હેડ તરીકે પણ કાર્યરત છે. જ્યારે રિયા મુળિયાસિયાએ પણ ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ કર્યા બાદ સૈન્યમાં જોડાવાનો નિર્ણય કર્યો હતો. હાલ તે ઇઝરાયલની આર્મી પ્રી-સર્વિસમાં છે જે કમાન્ડોની સમકક્ષ ટ્રેનિંગ છે. ત્રણ માસની ટ્રેનિંગ બાદ જુદી જુદી પરીક્ષાઓ પાસ કર્યા પછી તેને આર્મીમાં પોસ્ટિંગ મળશે. ઉલ્લેખનીય છે કે, ઈઝરાયલમાં ૧૮ વર્ષથી ઉપરના તમામ વ્યક્તિઓને ફરજિયાત સેનામાં પોતાની સેવા આપવી પડે છે. પુરુષોને ઓછામાં ઓછા બે વર્ષ ૮ મહિના અને મહિલાઓએ બે વર્ષ સુધી સેનામાં સેવા આપવી પડે છે.

(Source : https://gujaratexclusive.in)

NRG TIMES
A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION
CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY



Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)

## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહવાન




અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ **(nrgfoundation@yahoo.co.in)** દ્વારા, કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહવાન છે.

## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પડતા એન.આર.જી. સેન્ટર



બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતીભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.

આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.


- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

## ગુજરાત કાર્ડ: ઓનલાઈન મેળવો



બિન-નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડોલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.




# ગામમાં સુવિધાઓ ઊભી થાય તે માટેની 'માદરે વતન' યોજના

દેશ દુનિયામાં વસતા ગુજરાતીઓ પોતાના ગામ માટે કંઇ કરવાની ઇચ્છા પુરી કરી શકે અને તેમના દાન મારફતે ગામમાં સુવિધાઓ ઉભી થાય તે માટે રાજ્ય સરકારે બજેટમાં જાહેર કરેલી માદરે વતન યોજનાનો અમલ શરૂ કરાયો છે. આ યોજના હેઠળ દાતાઓ કામના કુલ ખર્ચના 50 ટકા રકમ આપશે તો તેમની તકતી મૂકાશે. બાકીની રકમ રાજ્ય સરકાર ઉઠાવશે.

આ યોજના હેઠળ ગામમાં પાકા રોડ, ચોરો, પંચાયત ઘર, સ્કૂલ, સ્કૂલના ઓરડા, સ્માર્ટ ક્લાસ, પીવાના પાણીની સુવિધા, એસટી પીકઅપ સ્ટેન્ડ, સ્મશાન ગૃહ કે કબ્રસ્તાન, આરોગ્ય કેન્દ્ર, કોમ્યુનિટી હોલ, આંગણવાડી, સ્ટ્રીટ લાઇટ, કચરા નિકાલની વ્યવસ્થા, લાયબ્રેરી, ગામનું પ્રવેશ દ્વારા વગેરે જેવા કામોનો સમાવેશ કરાયો છે.

ગુજરાત રાજ્યના ગ્રામ્ય વિસ્તારોનો સંતુલિત ધોરણે વિકાસ થાય તે માટે ગ્રામ્ય વિસ્તારમાં પાયાની માળખાકીય સુવિધાઓનું વ્યવસ્થિત માળખુ ઉભુ કરવા રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની ગ્રામીણ વિકાસની સામુહિક વિકાસની જુદી જુદી કલ્યાણકારી યોજનાઓ હાલ અમલમાં છે. આમ છતાં, સમયની સાથે વિકાસની સતત પ્રક્રિયાને ધ્યાને લઇ હજુ પણ ગ્રામ્ય વિસ્તારમાં નવતર વિકાસના કામો થાય તે જરૂરી છે. તે માટે રાજ્યના ગામડાના મુળ વતની અથવા ગામ માટે લાગણી ધરાવતી વ્યકિત જે જિલ્લા / રાજ્ય / દેશ બહાર વસવાટ કરતી હોય અને તેના આર્થિક ઉપાજનમાંથી પોતાના માદરે વતનને મદદરૂપ થવાની ઉત્કૃષ્ઠ ભાવના સાથે ગામમાં જરૂરી આવશ્યક વિકાસના કામો હાથ ધરવા પોતાના ગામ માટે દાન આપી શકે તો તે દાનની સાથે રાજ્ય સરકાર પણ ગામના વિકાસના કામોમાં સહભાગીતા દ્વારા ગામની વ્યક્તિ દ્વારા મળેલ દાન રકમ સામે તેટલી રકમ ગામને આપી સ્થાનિક જરૂરીયાત પ્રમાણે પાયાની માળખાકીય સુવિધાઓ ઉભી કરીને, ગામને સંપુર્ણ આદર્શ ગામ બનાવી શકાય એવા હેતુ સાથે ગામની પાયાની માળખાકીય સુવિધાઓમાં વધારો થાય તેવા કામો હાથ ધરી શકાય તેવી કલ્યાણકારી ભાવના સાથે "માદરે વતન" યોજના સરકારશ્રી દ્વારા અમલમાં મૂકવામાં આવી છે.

# ડાયસ્પોરા બાળકો માટે સ્કૉલરશીપ કાર્યક્રમો
## SCHOLARSHIP PROGRAMMES FOR DIASPORA CHILDREN

### હેતુ




ભારત સરકાર દ્વારા ઓવરસીઝ ભારતીયોના બાળકોને ભારતમાં જ ઉચ્ચ શિક્ષણ સુલભ કરાવવા માટે તથા ભારતને ઉચ્ચ શિક્ષણ આપતાં કેન્દ્ર તરીકે પ્રમોટ કરવાના હેતુસર આ યોજના શરૂ કરવામાં આવી છે.

### યોજનાનો લાભ કોને મળે છે ?

આ યોજનાનો લાભ ૧૦૦ જેટલા PIO/NRIઓને Undergraduate મેડીકલ અને તેને સંબધિત અભ્યાસક્રમો સિવાયના અભ્યાસક્રમો જેવા કે એન્જીનીયરીંગ, ટેકનોલોજી, માનવ-વિદ્યાઓ, કોર્મસ, આર્ટસ, મેનેજમેન્ટ, જર્નાલિઝમ, હોટેલ મેનેજમેન્ટ, ખેતી, પશુ પાલન વગેરે માટે વાર્ષિક ૪૦૦૦ US$ સુધીની સ્કોલરશીપ આપવામાં આવે છે.

આ યોજનાનો લાભ ભારતીય ડાયસ્પોરાની પૂરતી વસતી હોય તેવા ૪૦ જેટલા દેશોના PIO/NRIઓ માટે છે.

### યોજનાના અમલીકરણ માટે જવાબદાર એજન્સી ?


ભારતીય મિશન

**આ યોજનાની વધુ માહિતી મેળવવા માટે લોગ ઓન કરો :
http://mea.gov.in/spdc.htm**

**રણજિતરામની પ્રતિભા બહુમુખી હતી. ગુજરાતની અસ્મિતા એમના હૃદયમાં જ્વલંત હતી. જીવનનાં સાહિત્ય, કલા, લોકસાહિત્ય અને ઇતિહાસ જેવાં અનેક ક્ષેત્રોમાં તેમની પ્રતિભાનો જીવંત અને સર્જનાત્મક ઉન્મેષ તથા સ્પર્શ જોઈ શકાય છે. સાહિત્યસંસ્થાઓની સ્થાપના એ તેમનું ચિરસ્થાયી પ્રદાન છે. એમણે ગુજરાતને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા પાઠવેલું અનોખું માર્ગદર્શન તેમની કાયમી સ્મૃતિરૂપ છે.**

## ગુજરાતી સાહિત્યનું સર્વોચ્ચ સન્માન ગણાતો ‘રણજિતરામ સુવર્ણચંદ્રક’ જે વ્યક્તિના નામે આપવામાં આવે છે તે

# રણજિતરામ મહેતા



રણજિતરામ સુવર્ણચંદ્રક એ ગુજરાતી ભાષાનું સર્વોચ્ચ સાહિત્યસન્માન ગણાય છે. પણ લોકો રણજિતરામ ચંદ્રકવિજેતાઓ વિશે જેટલું જાણે છે એટલું જેમના નામનો એ મેડલ છે એ રણજિતરામ વિશે નથી જાણતા.

રણજિતરામ વાવાભાઈ મહેતાનો જન્મ સુરત ખાતે ૨૫ ઓક્ટોબર, ૧૮૮૧માં થયો હતો. તેમનાં પિતા વાવાભાઈ અમદાવાદ મ્યુનિસિપલ કમિટિમાં મુખ્ય ઈજનેર પદે હતા, આથી તેમનું પ્રાથમિક શિક્ષણ અમદાવાદ ખાતે જ થયું. સને ૧૯૦૩માં તેમણે ગુજરાત કોલેજમાંથી આર્ટ્સમાં સ્નાતકની ઉપાધી મેળવી અને ત્યાં જ આઠ માસ સુધી સંશોધક તરીકે કાર્ય કર્યું. પછી સને. ૧૯૦૫માં તેઓએ ઉમરેઠ ખાતે શિક્ષણકાર્ય સંભાળતા-સંભાળતા ઉચ્ચત્તર માધ્યમિક શાળાનાં આચાર્ય તરીકે પણ સેવા આપી. સાહિત્ય અને સમાજલક્ષી પ્રવૃત્તિ માટે તેઓ તક મળે તો પણ વધુ સમય માગી લે એવી ઊંચી નોકરીઓ નહોતા સ્વીકારતા. ઇ.સ. ૧૯૦૬ થી ૧૯૧૭ દરમિયાન તેઓએ સુપ્રસિદ્ધ રસાયણવિજ્ઞાની ત્રિભુવનદાસ ગજ્જરના સેક્રેટરી અને ભાવનગરના દીવાન પ્રભાશંકર પટ્ટણીના અંગત મદદનિશ તરીકે પણ કામ કર્યું હતું.

શૈક્ષણિક કારકિર્દીના આરંભકાળથી જ ગુજરાતી સાહિત્ય, ગુજરાતનો ઇતિહાસ, લોકસાહિત્ય આદિમાં તેમને રસ હતો. ઇતિહાસમાં તેઓ નિપુણ હતા. કનૈયાલાલ મુનશીને તેમની ઐતિહાસિક નવલકથાઓ માટેની અધિકૃત માહિતી પૂરી પાડવામાં તજ્જ્ઞ તરીકે તેમનોયે ફાળો હતો.

ફ્રાન્સ, બ્રિટન જેવા દેશો કે બંગાળ, મહારાષ્ટ્ર જેવાં રાજ્યોમાં એ વખતે સાહિત્યકારોનાં મિલન, સાહિત્યસંસોધનને ઉત્તેજન અને સાહિત્યિક પ્રવૃત્તિના પ્રચારપ્રસાર માટે ઘણી સંસ્થાઓ હતી, પણ ગુજરાતમાં આવી કોઈ સંપૂર્ણ સંસ્થા નહોતી. રણજિતરામ પહેલાં પણ ગુજરાતીમાં લોકસાહિત્યનાં ક્ષેત્રમાં ઠીક ઠીક સંશોધન કાર્ય થયું હતું પણ સને ૧૯૦૫ આસપાસ એ લગભગ ઠપ્પ જેવું થઈ ચૂક્યું હતું. સાહિત્યપ્રેમી રણજિતરામના અથાક પ્રયત્નો અને અદમ્ય ઉત્સાહને લીધે માત્ર ૨૪ વર્ષની ઉંમરે તેમણે ગુજરાતી સાહિત્ય પરિષદની સ્થાપના કરી હતી. ૧૯૦૫માં અમદાવાદના પ્રેમાભાઈ હોલ ખાતે સાક્ષર ગોવર્ધનરામના વડપણ તળે તેની પ્રથમ બેઠક મળી હતી.

રણજિતરામ બચપણથી જ એકાંતપ્રિય હતા. તેમના મિત્ર હરિપ્રસાદ પીતાંબરદાસ મહેતાએ ૧૯૨૪માં ‘કુમાર’ સામયિકમાં તેમનાં બાળપણનાં સંસ્મરણો લખ્યાં હતાં, એમાં લખેલું હતું કે નાનપણથી તેમને રમતો નહોતી આવડતી, એકવડા બાંધાનું માંદલું શરીર હોવાથી નાની ઉંમરે જ તેમનું મન ગંભીર વાચન અને સાહિત્યસંશોધન તરફ વળી ગયું હતું. તેઓ તેમના ગમતા કવિઓની કવિતા નોંધપોથીમાં ઉતારતા અને શેરીઓમાં સંભળાતા લોકગીતોનો સંગ્રહ કરતા.


રણજિતરામનું બચપણ પાલિતાણા અને અમદાવાદમાં વીત્યું હતું. અમદાવાદની મિશન હાઈસ્કુલમાં છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતા હતા ત્યારે તેઓ યંગ બોય્ઝ અસોસિએશનની ચર્ચાસભાઓમાં ભાગ લેતા. ૧૮૯૮માં તેમણે ‘સોશ્યલ એન્ડ લિટરરી એસોસિએશન’ની સ્થાપના કરી અને તેના સભ્ય અને સહાયક મંત્રી થયા. તેમના સક્રિય

પ્રયત્નોથી સને. ૧૯૦૪માં આ સંસ્થાના અંગ્રેજી નામનું ગુજરાતી કરવામાં આવ્યું અને એ સંસ્થા 'ગુજરાત સાહિત્ય સભા' તરીકે ઓળખાવા લાગી. ૧૯૩૦ની આસપાસ તેમણે ગુર્જર સાક્ષર જયંતી ઊજવવાની શરૂઆત કરી, જેમાં ગુજરાતી સાહિત્યકારોના જન્મ કે અવસાનના દિવસે તેમના જીવન અને સર્જન પર ચર્ચાઓ થતી.

શરૂઆતમાં રણજિતરામે કવિતા રચવાનો પ્રયત્ન કરેલો. પછી એ વખતનાં સામયિકો 'સાહિત્ય', 'જ્યોતિ', 'સુંદરીસુબોધ' વગેરેમાં વાર્તાઓ કે લેખો લખતા. 'હીરા', 'માસ્તર નંદનપ્રસાદ', 'દોલત', 'ખવાસણ' વગેરે તેમની નોંધપાત્ર ટૂંકી વાર્તાઓ હતી, શામળ, નરસિંહરાવ દિવેટિયા, ન્હાનાલાલ વગેરેનાં કાવ્યોનું વિવેચન કર્યું. સંબંધી ધનસુખલાલ મહેતાને શેરલોક હોમ્સની કથાઓના અનુવાદ માટે તેમણે પ્રેર્યા હતા.

રણજિતરામની કૃતિઓને ઉલ્લેખનીય સફળતા નહોતી મળી, પણ સેવાભાવી સ્વભાવ અને સાહિત્ય પ્રત્યે પ્રેમને લીધે તેઓ બીજા ઘણા જાણીતા સાહિત્યકારોને ખૂબ મદદરૂપ થતા, ઉપયોગી સંદર્ભ શોધી આપતા, સલાહસૂચનો આપતા અને ગુજરાતભરના નવોદિત યુવાનોને પ્રોત્સાહિત કરતા. તેમની 'સાહેબરામ' નવલકથાની પ્રસ્તાવના કનૈયાલાલ મુનશીએ લખી હતી, મુનશીની મશહૂર નવલકથા 'ગુજરાતનો નાથ'ની અર્પણપત્રિકામાં મુનશીએ કહ્યું છે કે 'મને લાગવા માંડ્યુ છે કે હું જે કંઈ લખું છું એ મારું નથી, એમાં રણજિતરામનો પણ ભાગ છે.' મુનશીએ લખ્યું છે કે 'રણજિતરામ માણસ નહોતા; એક ભાવના હતા, ગુજરાતી રાષ્ટ્રીય અસ્મિતાના અવતાર હતા.' રણજિતરામની બે નવલકથાઓ 'સાહેલીઓ' અને 'મંગળા' અધૂરી રહી ગઈ હતી.

૧૯૦૫માં ૩૦ જૂનથી ૨ જુલાઈ સુધી ચાલેલી ગુજરાતી સાહિત્ય પરિષદની પહેલી બેઠકમાં તેમણે લોકગીતો પરનું સંશોધન રજૂ કર્યું હતું. ઝવેરચંદ મેઘાણી પહેલાંનો એ પ્રથમ લોકગીતોનાં સંશોધનનો માન્ય પ્રયાસ હતો. એ વખતે આનંદવિભોર રણજિતરામ સુરતી લાલ પાઘડી, ચાઇના સિલ્કનો કોટ, કસબી દુપટ્ટો, ઝીણું ધોતિયું, મોજાં અને બૂટમાં સજ્જ થઈ આવ્યા હતા.



આ અધિવેશનમાં જ રણજિતરામે સૌ પ્રથમ વખત, પ્રશિષ્ટ સાહિત્યથી અલગ પણ લોકોમાં પ્રચલિત એવા સાહિત્ય માટે 'લોકકથા' અને 'લોકગીતો' જેવા શબ્દપ્રયોગ કર્યા હતા. સંશોધકોના મતે આ 'લોકકથા' અને 'લોકગીત' શબ્દ વાપરવાનો વિચાર રણજિતરામને અંગ્રેજી સાહિત્યના 'ફોકટેલ', 'ફોકસોંગ' વગેરે શબ્દો પરથી આવ્યો હોઈ શકે. સાહિત્યનાં આ વિભાગ તરફ સમસ્ત ગુજરાતના કેળવાયેલા વર્ગનું સૌપ્રથમ વખત ધ્યાન ખેંચનાર તરીકેનું માન રણજિતરામને મળે છે. તેઓ લોકગીતોનાં સંશોધક અને સંપાદક હતા. તેમણે ઘણાં બધા લોકગીતો એકઠા કર્યા હતા. ઉમરેઠમાં તેમના નિવાસ દરમિયાનનો સમય આ વિસ્તારમાં દુષ્કાળનો સમય હતો અને ઘણાં ગ્રામજનો ગુજરાન અર્થે નગરોમાં આવતા. આવા ગ્રામજનોને રણજિતરામનાં ધર્મપત્ની ભોજન વગેરેનો પ્રબંધ કરી આપતા અને તેમની પાસે ગીતો ગવડાવી તે નોંધી લેતા. આવા ગીતોની આશરે ૨૫-૩૦ નોટબૂકો ભરાઈ હતી. જેમાંથી જ ચૂનીલાલ શેલતે ૧૩૪ ગીતો અલગ તારવ્યા અને પછીથી તેનું 'લોકગીતો' નામે પ્રકાશન થયેલું. ગુજરાતની અસ્મિતા શબ્દસમૂહની રચનાનું શ્રેય પણ રણજીતરામ મહેતાને ફાળે જાય છે. તો વળી રણજિતરામની રચનાઓનાં સ્ત્રી પાત્રો તો એના સમયના પ્રમાણમાં એટલાં આધુનિક હતાં કે કનૈયાલાલ મુનશીએ એ વિશે કહેલું કે, 'સેના અને ભાસ્વતી (સ્ત્રી પાત્રો) હાલની ગુજરાતણો નથી જ; ભાવી ગુજરાતી સંસારની પણ નથી લાગતી; લગભગ કેમ્બ્રિજ કે ઓક્સફર્ડમાંથી ઊતરી આવેલી છે.'

એ વખતના અનેક સાહિત્યકારો સાથે નિકટ સંપર્ક ધરાવતા રણજિતરામે ગુજરાત કેળવણી મંડળ, ઉદ્યોગ પ્રદર્શનો, વિદ્યાર્થી પ્રવૃત્તિઓ, દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન, સુરત પાટીદાર આશ્રમ જેવી અનેક દિશાઓમાં પાયાનું કામ કર્યું હતું. તેઓ કહેતા કે આપણે ત્યાં કામોનો એટલો ઢગલો છે કે માણસે કીર્તિની લાલચો છોડીને પડદા પાછળ મૂંગે મોઢે અને નીચી મૂંડીએ બાંયો ચડાવીને કામ કરવા મંડી પડવું જોઈએ. કદાચ આ અભિગમને લીધે જ એ વખતે અને આજે પણ તેમનું નામ બહુ જાણીતું ન થયું. ઓસ્કર એવોર્ડના પૂતળાનો ઇતિહાસ વાંચવા તત્પર ગુજરાતીઓ રણજિતરામના અસ્તિત્વની નોંધ પણ નથી લેતા.

રણજિતરામનું યુવાન વયે જ ૪ જૂન ૧૯૧૭ના દિવસે મુંબઈના જુહુ વિસ્તારના દરિયામાં નાહવા જતાં ડૂબી જવાથી અવસાન થયું હતું. પછી ૧૯૨૮થી ગુજરાત સાહિત્ય સભાએ રણજિતરામની સ્મૃતિમાં ગજરાતી કલાકારો અને સાહિત્યકારોને તેમના સાહિત્યિક અને સાંસ્કૃતિક યોગદાન માટે રણજિતરામ સુવર્ણચંદ્રક આપવાનો પ્રારંભ કર્યો. શરૂઆતમાં એ સાહિત્યકારો ઉપરાંત અન્ય કલાકારોને પણ આપવામાં આવતો. ચિત્રકાર રવિશંકર રાવળ, સંગીતકાર ઓમકારનાથ ઠાકુર, અભિનેતા જયશંકર સુંદરી વગેરેને આ ચંદ્રક મળી ચૂક્યો છે, ઘણા સમયથી એ માત્ર સાહિત્યસર્જકોને જ આપવામાં આવે છે. અગાઉ યુવાન કે પ્રૌઢ વયે આપવામાં આવતો આ ચંદ્રક હવે જૈફ વયે જ




**રણજિતરામ સુવર્ણચંદ્રક-ધારકો :** 1. ઝવેરચંદ મેઘાણી (1928), 2. ગિજુભાઈ બધેકા (1929), 3. રવિશંકર રાવળ (1930), 4. વિજયરાય વૈદ્ય (1931), 5. રમણલાલ દેસાઈ (1932), 6. રત્નમણિરાવ જોટે (1933), 7. સુન્દરમ્ (1934), 8. વિશ્વનાથ ભટ્ટ (1935), 9. ચંદ્રવદન મહેતા (1936), 10. ચુનીલાલ વ. શાહ (1937), 11. કનુ દેસાઈ (1938), 12. ઉમાશંકર જોશી (1939), 13. ધનસુખલાલ મહેતા (1940), 14. જ્યોતીન્દ્ર દવે (1941), 15. રસિકલાલ છો. પરીખ (1942), 16. પંડિત ઓમ્કારનાથજી (1943), 17. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી (1944), 18. ગુણવંતરાય આચાર્ય (1945), 19. ડોલરરાય માંકડ (1946), 20. હરિનારાયણ આચાર્ય (1947), 21. બચુભાઈ રાવત (1948), 22. સોમાલાલ શાહ (1949), 23. પન્નાલાલ પટેલ (1950), 24. જયશંકર 'સુંદરી' (1951), 25. કેશવરામ કા. શાસ્ત્રી (1952), 26. ડૉ. ભોગીલાલ સાંડેસરા (1953), 27. ચંદુલાલ પટેલ (1954), 28. અનંતરાય રાવળ (1955), 29. રાજેન્દ્ર શાહ (1956), 30. ચુનીલાલ મડિયા (1957), 31. ડૉ. કૃષ્ણલાલ શ્રીધરાણી (1958), 32. જયંતિ દલાલ (1959), 33. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી (1960), 34. ઈશ્વર પેટલીકર (1961), 35. રામસિંહજી રાઠોડ (1962), 36. ડૉ. હરિવલ્લભ ભાયાણી (1963), 37. મનુભાઈ પંચોળી 'દર્શક' (1964), 38. બાપાલાલ વૈદ્ય (1965), 39. ડૉ. હસમુખ સાંકળિયા (1966), 40. ઝીણાભાઈ ર. દેસાઈ 'સ્નેહરશ્મિ' (1967), 41. ડૉ. મંજુલાલ મજમુદાર (1968), 42. નિરંજન ભગત (1969), 43. શિવકુમાર જોશી (1970), 44. સુરેશ જોશી (1971), 45. નટવરલાલ પંડ્યા 'ઉશનસ્'(1972), 46. પ્રબોધ પંડિત (1973), 47. હીરાબહેન પાઠક (1974), 48. રઘુવીર ચૌધરી (1975), 49. જયન્ત પાઠક (1976), 50. જશવંત ઠાકર (1977), 51. ફાધર વાલેસ (1978), 52. મકરન્દ દવે (1979), 53. ધીરુબહેન પટેલ (1980), 54. લાભશંકર ઠાકર (1981), 55. હરીન્દ્ર દવે (1982), 56. સુરેશ દલાલ (1983), 57. ભગવતીકુમાર શર્મા (1984), 58. ચંદ્રકાન્ત શેઠ (1985), 59. રમેશ પારેખ (1986), 60. સિતાંશુ યશશ્ચંદ્ર (1987), 61. બકુલ ત્રિપાઠી (1988), 62. વિનોદ ભટ્ટ (1989), 63. નગીનદાસ પારેખ (1990), 64. ડૉ. રમણલાલ નાગરજી મહેતા (1991), 65. યશવન્ત શુક્લ (1992), 66. અમૃત 'ઘાયલ' (1993), 67. ડૉ. ધીરુભાઈ ઠાકર (1994), 68. ભોળાભાઈ પટેલ (1995), 69. રમણલાલ સોની (1996), 70. ગુણવંત શાહ (1997), 71. ગુલાબદાસ બ્રોકર (1998), 72. મધુ રાય (1999), 73. ચી. ના. પટેલ (2000), 74. નારાયણ દેસાઈ (2001), 75. ચંદ્રકાંત ટોપીવાળા (2002), 76. મધુસૂદન પારેખ (2003), 77. રાધેશ્યામ શર્મા (2004), 78. વર્ષા અડાલજા (2005), 79. રાજેન્દ્ર શુક્લ (2006), 80. મોહમ્મદ માંકડ (2007), 81. ધીરુ પરીખ (2008), 82. ચીમનલાલ ત્રિવેદી (2009), 83. મધુસૂદન ઢાંકી (2010), 84. ધીરેન્દ્ર મહેતા (2011), 85. સુનિલ કોઠારી (2012), 86. નલિન રાવળ (2013), 87. પ્રવીણ દરજી (2014), 88. કુમારપાળ દેસાઈ (2015)


આપવામાં આવે એવો વણલખ્યો ધારો બનતો જાય છે.

ગુજરાત સાહિત્ય સભા રણજિતરામને અતિ પ્રિય એવી પ્રતિવર્ષ પ્રગટ થતી સાહિત્યકૃતિઓની સમીક્ષાનું કાર્ય પણ કરે છે. ખુદ રણજિતરામે પણ 'ઈશુનું વરસ ૧૯૦૮'માં એ વર્ષમાં પ્રગટ થયેલાં પુસ્તકોની સમીક્ષા કરી છે. ગુજરાતની અસ્મિતા વિકસે તે માટે રણજિતરામે સાહિત્યનાં અધ્યયન-સંશોધન-વિવેચન ઉપરાંત ગુજરાતના ઇતિહાસનું આલેખન થાય તેવી ભાવના પણ સેવી હતી. તે માટે તેમણે પોતે વિવિધ પ્રકારની માહિતી-સામગ્રી પણ એકત્ર કરી હતી; પણ એમનો એ મનોરથ એમના અકાળ અવસાનને કારણે પૂર્ણ થઈ શક્યો નહિ. રણજિતરામનો એક વિશેષ રસ લોકસાહિત્યમાં હતો. તેમણે તે માટે એક લેખ પણ લખ્યો હતો, અને થોડુંક પાયાનું કામ પણ શરૂ કર્યું હતું. એ કાર્ય પણ ઉપર્યુક્ત કારણે અધૂરું રહી ગયું.

રણજિતરામે સાહિત્યના વિવિધ પ્રકારોનું ખેડાણ કરેલું હતું, જેમ કે, નવલકથા, નિબંધ, નાટક અને ટુંકી વાર્તાઓ. તેમની રચનાઓનો સંગ્રહ, 'રણજિતકૃતિ સંગ્રહ', તેમનાં અવસાન પછી સને ૧૯૨૧માં કનૈયાલાલ મુનશીએ પ્રગટ કર્યો હતો. તેમનાં નિબંધોનો સંગ્રહ, 'રણજિતરામના નિબંધો', પણ તેમનાં અવસાન પછી સને ૧૯૨૩માં પ્રકાશિત થયો હતો. સને ૧૯૮૨માં, તેમની જન્મ શતાબ્દિ નિમિત્તે, ગુજરાત સાહિત્ય પરિષદ દ્વારા તેમનાં સંપૂર્ણ કાર્યો, રચનાઓનો સંગ્રહ, 'રણજિતરામ ગદ્યસંચય ૧-૨', પ્રકાશિત કરાયા હતા. એ ગદ્યસંચયમાં 'સાહેબરામ', 'સાહેલીઓ' અને 'મંગળા' જેવી તેમની અપૂર્ણ નવલકથાઓ; 'હીરા', 'દોલત', 'ખવાસણ' અને 'માસ્તર નંદનપ્રસાદ' જેવી વાર્તાઓ તથા 'તેજસિંહ' નાટક સમાવિષ્ટ છે. ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા 'રણજિતરામ વાવાભાઈ અને




તેમનું સાહિત્ય' નામક ગ્રંથ પ્રગટ કરાયો છે. તેમની 'એહમદ રૂપાંદે' (૧૯૦૮) નામની રચના એક પ્રેમકથા છે. તેમણે એકઠાં કરેલાં ૧૩૪ જેટલાં લોકગીતોના સંગ્રહનું ઈ.સ.૧૯૨૨માં 'લોકગીતો' નામથી પ્રકાશન થયું.

રણજિતરામની પ્રતિભા બહુમુખી હતી. ગુજરાતની અસ્મિતા એમના હૃદયમાં જ્વલંત હતી. જીવનનાં સાહિત્ય, કલા, લોકસાહિત્ય અને ઇતિહાસ જેવાં અનેક ક્ષેત્રોમાં તેમની પ્રતિભાનો જીવંત અને સર્જનાત્મક ઉન્મેષ તથા સ્પર્શ જોઈ શકાય છે. ગુજરાત માટે તેમના અનન્ય ભાવનું પ્રતિબિંબ તેમણે આદરેલી વિવિધ પ્રવૃત્તિઓમાં પડે છે. સાહિત્યસંસ્થાઓની સ્થાપના એ તેમનું ચિરસ્થાયી પ્રદાન છે. એમણે ગુજરાતને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા પાઠવેલું અનોખું માર્ગદર્શન તેમની કાયમી સ્મૃતિરૂપ છે.

(Sources & Photo Courtesy : https://sureshbjani.wordpress.com, https://gujaratisahityaparisad.com, https://upload.wikimedia.org, https://images-eu.ssl-images-amazon.com, www.bombaysamachar.com, https://ia801607.us.archive.org, http://1.bp.blogspot.com, https://gujarativishwakosh.org)

# કેવડિયા હશે દેશનું પ્રથમ ઈલેક્ટ્રિક વ્હિકલ શહેર



વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે આયોજિત એક કાર્યક્રમમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ નર્મદા જિલ્લાના કેવડિયા સ્થિત સ્ટેચ્યૂ ઓફ યુનિટીની આસપાસના વિસ્તારને ‘નો પોલ્યુશન ઝોન’ જાહેર કર્યો છે. આ સાથે જ કેવડિયા દેશનું પહેલું ઈલેક્ટ્રિક વ્હિકલ શહેર બની જશે, જ્યાં પ્રવાસીઓને આવનજાવન માટે ફક્ત ઈલેક્ટ્રિક બસ, કાર કે રિક્ષાનો જ ઉપયોગ કરાશે. આ પહેલથી સ્ટેચ્યૂ જ નહીં, કેવડિયા સફારી પાર્કની જીવસૃષ્ટિ પણ સુરક્ષિત રહેશે.

આ વર્ચ્યુઅલ સંબોધનમાં વડાપ્રધાન શ્રી મોદીએ કહ્યું કે, હું તમને ભવિષ્યની એક યોજના વિશે જણાવવા માંગુ છું. ગુજરાતના સુંદર શહેર કેવડિયામાં આગામી દિવસોમાં પર્યાવરણને ધ્યાનમાં રાખીને ફક્ત બેટરી આધારિત વાહનોને જ પ્રાથમિકતા અપાશે. કેવડિયા ગુજરાતનું એ શહેર છે, જ્યાં સ્ટેચ્યૂ ઓફ યુનિટીના કારણે પ્રવાસનને ઘણો વેગ મળ્યો છે. આ જાહેરાત પહેલા જ વડાપ્રધાન મોદીએ વર્ષ ૨૦૧૯માં કેન્દ્ર સરકાર તરફથી કેવિડયામાં ફક્ત ઈલેક્ટ્રિક વાહનોને પ્રાથમિકતા આપવાનું નક્કી કરી લીધું હતું.

કેવડિયામાં ઈલેક્ટ્રિક બસ સહિતના વાહનો ફરજિયાત થઈ રહ્યા છે. હમણાં સુધી અહીં પ્રવાસીઓ માટે ૮૦ બસ દોડાવાતી હતી. તેના માટે બસ સ્ટેન્ડ પણ બનાવાયા હતા. હવે આ બસો બંધ થતાં ત્યાં ઈ-બસ પાર્કિંગ કરાશે. અહીં બીજા ઈ-વ્હિકલ પાર્ક કરવાની પણ વ્યવસ્થા કરાશે.

કેવડિયામાં ઈ-વ્હિકલ યોજનાની પ્રેરણા યુરોપના દેશોમાંથી મળી છે. ફ્રાંસ, જર્મની અને ઈટાલી વગેરે જેવા દેશોમાં પ્રવાસીઓ ઈ-બાઈક્સ જ પસંદ કરે છે. વર્ષ ૨૦૨૦માં યુરોપમાં ઈ-વ્હિકલની લોકપ્રિયતા ખૂબ વધી છે. એ વર્ષે ત્યાં ચાર બિલિયન ડૉલરની કિંમતના ઈ-બાઈક્સ વેચાયા છે.

નર્મદા જિલ્લામાં ૪૨ ટકા વન વિસ્તાર છે. અહીંનું વાતાવરણ શુદ્ધ અને ખુશનુમા રહે તે માટે કેન્દ્ર સરકારે અહીં મોટા ઉદ્યોગો નહીં સ્થાપવાનો નિર્ણય કર્યો હતો. કેન્દ્ર સરકારે હવે કેવડિયાને ‘નો પોલ્યુશન ઝોન’ જાહેર કરીને કેવડિયાના વાગડિયાથી પ્રદૂષણ ઓકતા વાહનો પર પ્રતિબંધ મૂકી દીધો છે. હવે અહીં ઈ-વ્હિકલ જેવા કે બસ, કાર, રિક્ષા વગેરે દોડશે. તેમાં પણ સ્થાનિક આદિવાસીઓને જ યોગ્ય તાલીમ આપીને રોજગારીની તક અપાશે. સ્થાનિકોને આદર્શ ગામમાં શિફ્ટ કરાયા છે.

કેવડિયામાં બે વર્ષ પહેલાં દેશનું પહેલું ઈલેક્ટ્રિક વ્હિકલ ટુરિઝમ ઈનિશિએટિવ લૉન્ચ કરાયું હતું. અહીં સ્ટેચ્યૂ ઓફ યુનિટી પર ઈકો ફ્રેન્ડલી ઈ-બાઈક્સનું પણ ઉદઘાટન કરાયું હતું. એ વખતે તત્કાલીન પ્રવાસન મંત્રી અલફોન્સે કહ્યું હતું કે, ‘હવે અહીં સ્વાભાવિક રીતે પ્રવાસન વધશે. પ્રવાસીઓ ઈ-બાઈક્સની મદદથી જ સ્ટેચ્યૂ જશે અને અહીંના ઈતિહાસને સમજશે.’

વડાપ્રધાન મોદીએ કહ્યું કે ભારત ૨૦૨૫ સુધી પેટ્રોલમાં ૨૦% ઈથોનેલ મિશ્રણનું લક્ષ્ય પ્રાપ્ત કરી લેશે. પહેલાં આ લક્ષ્ય ૨૦30 સુધી પ્રાપ્ત કરવાનું હતું. તેનાથી પ્રદૂષણને ઘટાડવા અને આયાત પર નિર્ભરતા ઘટાડવામાં મદદ મળશે. વડાપ્રધાને વિશ્વ પર્યાવરણ દિવસ પર ભારતમાં ૨૦૨૦-૨૦૨૫ દરમિયાન ઈથોનેલ મિશ્રણ સંબંધિત રૂપરેખાનો રિપોર્ટ જાહેર કર્યો હતો. ગત વર્ષે પેટ્રોલિયમ કંપનીઓએ ૨૧,૦૦૦ કરોડ રૂપિયાનું ઈથેનોલ ખરીદ્યું હતું.

(Source : www.divyabhaskar.co.in)



## દેશવિદેશમાં પ્રખ્યાત

# કચ્છની કેસર કેરી

કચ્છ હંમેશા પાણી માટે વલખા મારતો સરહદી જિલ્લો છે. પરંતુ હવે આ કચ્છ પોતાના બાગાયતી કેસર કેરીના પાકને લઈને વિશ્વ પ્રસિદ્ધ બન્યું છે. વરસાદનું પ્રમાણ ઓછું હોવા છતાં અહીં અનેક પાક લેવામાં આવી રહ્યા છે. તેમાં પણ કચ્છની કેસર, ખારેક તેમજ દાડમની બજારમાં ખૂબ માગ વધી છે. બાગાયત ખેતી વિષે કહેવાય છે કે બાગાયતી ખેતી કરો, ગામડાં સમૃધ્ધ બનાવો, યશસ્વી કારર્કિદી ઘડો અને તગડો નફો મેળવો. આ ચારેય પાયાની બાબતોને કચ્છના બાગાયતી ખેડૂતો સાર્થક કરી રહ્યા છે. વર્ષ ૨૦૧૯-૨૦ મુજબ કચ્છમાં ૧ લાખ ૪૩ હજાર હેક્ટરમાં ખેડૂતો બાગાયતી ખેતી કરી રહ્યા છે. ૫૬ હજાર હેક્ટરમાં ફળઝાડ, ૧૪ હજાર હેક્ટરમાં શાકભાજી અને ૭૨ હજાર હેક્ટરમાં બાગાયતી ખેડૂતો મસાલા પાક લઇ રહ્યા છે.

આ વર્ષે અંદાજે ૧૩ હજાર હેક્ટરમાં પ્રખ્યાત કચ્છી આંબા (કેરી) થયા છે જેમાં ૯૦ ટકા કેસર આંબા (કેરી) અને ૧૦ ટકા અન્ય આંબા જેવાં કે આલ્ફાન્સો, આમ્રપાલી, સોનપુરી, તોતાપુરી, દેશીઆંબા (કેરી), ખેડોઇમાં જમ્બો કેસર વગેરેનો પાક મે થી જુન માસ દરમ્યાન બજારમાં લોકો સુધી સ્વાદ અને સોડમ લઇ પહોંચશે.

મદદનીશ બાગાયત નિયામક કે. પી. સોજીત્રા જણાવે છે કે, ‘સ્વાદ અને ગુણવતાના પગલે કચ્છ કેસર કેરી વિશ્વ પ્રખ્યાત છે. ફળઝાડ વાવેતર વિસ્તાર, ગ્રીન હાઉસ, નેટ હાઉસ અને પેક હાઉસનો કચ્છના ખેડૂતો ભરપુર લાભ લે છે. સરકાર દ્વારા વિવિધ સહાયો પણ આપવામાં આવે છે.’

જિલ્લાના અંજાર તાલુકામાં ખેડોઈ, ખંભરા, નખત્રાણા તાલુકાના ખીરસરા, રોહા, વેરસલપર અને ભુજ તાલુકામાં રેલડી, વાવડી, આણંદપર, બીરાસર, તળાવળા અને દહીંસરા તેમજ માંડવી તાલુકાના ગઢશીશા, મોટી મઉ, નાની મઉ અને દેવપર ગામો આંબા (કેરી)ના પાક માટે પ્રખ્યાત છે. જેમાં ગઢશીશા વિસ્તાર એ કેસર આંબાનું પોકેટ (વાવેતર વિસ્તાર) કહેવાય છે.

ગઢશીશા વિસ્તાર અને કેસર કેરીનું પરદેશમાં ખાસ કરીને મસ્કતમાં માર્કેટ ઉભું કરનાર અને મસ્કત સરકારના ગુણવત્તાના ૨૮૬ માપદંડોથી કેસરને પ્રમાણિત કરી કચ્છી કેસરની આગવી શાખ ઉભી કરનાર પ્રયોગશીલ અને પ્રગતિશીલ ખેડૂત બટુકસિંહ જાડેજાએ બાગાયત ખાતાની વિવિધ સહાયો અને ધરતીપુત્ર એવા ખેડૂતની કોઠાસૂઝ અને વેપારી બુધ્ધિથી લાભ મેળવ્યા છે. તેઓ નેશનલ હોર્ટિકલ્ચર બોર્ડ અને રાજ્ય સરકારની બાગાયતી પાકોમાં વોટર સોલ્યુબલ ખાતર, ટીસ્યુકલ્ચર છોડથી ખારેક ખેતી વધારો, પેકીંગ મટીરીયલ્સ, કોલ્ડરૂમ વ્યવસ્થાની બે વાર સબસીડીનો લાભ મેળવી ચૂક્યા છે. હાલ ગઢશીશા વિસ્તારમાં મોટી મઉ ખાતે અઢીસો એકર જમીનમાં ડ્રીપ ઈરીગેશન, પેકહાઉસ, સ્ટોરેજની સહાયથી આ પ્રયોગશીલ ખેડૂત મસ્કતની માર્કેટમાં કચ્છની કેરી ખવડાવી રહ્યા છે.

આ પ્રગતિશીલ ખેડૂતે ૨૦૦૪માં સૌ પ્રથમ કચ્છની કેસર વિદેશમાં લંડનમાં પહોંચાડી હતી. ત્યારબાદ ૨૦૦૬માં સિંગાપુરમાં ટ્રાન્સપોર્ટ કરી હતી જેની નોંધ લઇ હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ તે સમયે તેમને પ્રોત્સાહિત કર્યા હતા. ૨૦૦૬માં નેશનલ હોર્ટિકલ્ચર બોર્ડ દ્વારા સિંગાપુરમાં ગુજરાતના ખેડૂત પ્રતિનિધિ તરીકે હાજર રહી પ્રથમ આવ્યા હતા.

આ પ્રગતિશીલ અને પ્રયોગશીલ ખેડૂત અન્ય ખેડૂતોને પ્રોત્સાહિત કરતા કહે છે કે, ઓર્ગેનિક ખેતી કરો, રસાયણ મુક્ત જમીન કરો, સરકારી યોજનાના લાભ લો અને વૈજ્ઞાનિક આધુનિક પધ્ધતિનો ઉપયોગ કરો. વસતી વધવાની છે, જમીન નહીં, આથી દરેક ખેડૂતને તેઓ કહે છે કે પાણી, હવા, વાતાવરણ, જમીન અને પાકનો કયાસ કાઢવો, ઓછી મજુરી અને ઓછું પાણી વાપરી ગુણવત્તાયુક્ત પાક પકવીને ચીલાચાલુ ખેતી પધ્ધતિને બદલી આધુનિક ખેતી કરવી વધુ ફાયદાકારક છે. અનુભવે અને નિરીક્ષણથી તેઓ વાતાવરણ, જમીન, પાણી અને પ્રયોગથી મબલખ પાક લે છે. પણ એમાં ઘરઆંગણે આવી ખેડૂતોને સહાય કરતા કૃષિરથ, કૃષિ મહોત્સવનો મહત્તમ ફાળો છે. ઘેર બેઠાં કૃષિ મહોત્સવ થકી સરકારે ખેડૂતોને સધ્ધર કરવા જમીનના સોઇલ ટેસ્ટ, વાતાવરણ, ઓર્ગેનિક ખેતી, આધુનિક ટેકનોલોજી અને વૈજ્ઞાનિક પધ્ધતિથી કરવાના ઉપાયો બતાવ્યા છે જેના પગલે ભણેલાગણેલા યુવાનો પણ ખેતી તરફ વળ્યા છે. વિષમ વાતાવરણ અને પ્રતિકુળ પરિસ્થિતિઓ વચ્ચે પણ ખેડૂતો અને આજના યુવાનો વિવિધ ખેતી કરી રહ્યા છે. ખેડૂત આઇ પોર્ટલનો લાભ લઇ દરેક ખેડૂતે પોતાના પાકની ગુણવત્તા અને પ્રમાણને ઉત્તમ બનાવવા જ જોઇએ. જેથી માર્કેટ ખેતરમાં આવે, ખેડૂતે માર્કેટમાં જવાની જરૂર ના પડે. હાલ કચ્છમાંથી આંબા, ખારેક, પપૈયા, સ્ટ્રોબરી, ડ્રેગનફ્રુટ, વગેરેની મોટી માંગ અન્ય બજારોમાં છે.

(Source : www.divyabhaskar.co.in)